# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1. ભારતની બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણાની થીમ સાથે આજે નવી દિલ્હીમાં 18મું બ્રિક્સ સંમેલન.
2. બ્રિક્સ સંમેલનમાં ભાગ લેવા આજે ચીનના રાષ્ટ્રપતિ શિ જિનપિંગ દિલ્હી પહોચ્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષિય બેઠક યોજશે.
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સ સમીટ અગાઉ મલેશિયા, ઇથોપિયા સહિતના રાષ્ટ્રોના વડાઓ સાથે દ્વિપક્ષિય બેઠક યોજી.
4. ઇરાનના ડ્રોન હુમલાઓ બાદ સાઉદી અરેબિયાએ તકેદારીના ભાગરૂપે પાઇપ લાઇનોમાં તેલ વહન સ્થગિત કર્યું.
5. ચીનમાં રમાઇ રહેલી જુનિયર હોકી ચેમ્પિયન શીપમાં ભારતની મહિલા અને પુરૂષની ટીમ ફાઇનલમાં પહોંચી.

---------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY BRICS SUMMIT – 1

ભારતની બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણાની થીમ સાથે આજે નવી દિલ્હીમાં 18મું બ્રિક્સ સંમેલન યોજાઇ રહ્યું છે. નવી દિલ્હી ખાતે બપોર બાદ આ ઉચ્ચસ્તરીય સંમેલનનો આરંભ થશે.. ભારત મંડપમ ખાતેના આ  બે દિવસીય સંમેલનમાં બ્રાઝિલ, ચીન, ઇજિપ્ત, ઇથોપિયા, ઇન્ડોનેશિયા, ભારત, ઈરાન, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા અને યુએઈ સહિત અગિયાર મુખ્ય વિકાસશીલ અર્થતંત્રોના વડાઓ એક મંચ પર આવશે. સંમેલન દરમિયાન, બ્રિક્સ સભ્ય દેશોના નેતાઓ વૈશ્વિક શાસન, બહુપક્ષીયતા, વેપાર અને રોકાણ, ટેકનોલોજી, ખાદ્ય અને ઉર્જા સુરક્ષા, આરોગ્યસંભાળ, આપત્તિ સ્થિતિસ્થાપકતા અને મહત્વપૂર્ણ પુરવઠા શૃંખલા સહિતના મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરશે.

આ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા, ઇજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસી, ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન ભાગ લેશે.

# DAY BRICS SUMMIT – 2

આ સમિટ બ્રિક્સ સભ્ય દેશો માટે "સમાવિષ્ટ વૈશ્વિક શાસન અને બહુપક્ષીયતાને મજબૂત બનાવવા"ના વિષય પર વિવિધ સત્ર યોજાશે. બ્રિક્સ સભ્ય દેશોના નેતાઓ ભારત મંડપમ ખાતે ભારત ઇનોવેટ્સ પ્રદર્શનની પણ મુલાકાત લેશે. ત્યારબાદ સંયુક્ત વૃક્ષારોપણ સમારોહ અને પ્રધાનમંત્રી મોદી દ્વારા આયોજિત ગાલા ડિનરમાં તમામ નેતાઓ જોડાશે

આવતીકાલે, પ્રધાનમંત્રી નરેન્દ્ર  મોદી સભ્ય દેશો અને દસ ભાગીદાર દેશોના નેતાઓનું સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું: સમાવેશી વૈશ્વિક વિકાસ માટે ભવિષ્યને આકાર આપવાના વિષય પર મુક્ત સત્ર માટે સ્વાગત કરશે. ભાગીદાર દેશો બેલારુસ, બોલિવિયા, કઝાકિસ્તાન, ક્યુબા, મલેશિયા, નાઇજીરીયા, થાઇલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન અને વિયેતનામ પણ સમિટમાં ભાગ લઈ રહ્યા છે.

સાંભળીએ એક અહેવાલ

## BYTE: ANAND BRICS

*("સરકારને અમે વિનંતી કરી કે દર ત્રણ મહિને જે તે વિભાગના મંત્રી અને સચિવો સાથે મંડળો રાજ્ય લેવલની મીટિંગો થાય અને મહામંડળની દર ચાર મહિને એ તમામ ત્રણ થી ચાર મંત્રી અને તમામ અધિકારીઓ સાથે જેથી કરીને કોઈ કર્મચારીને આંદોલનો ન કરવા પડે, માંગણી ના કરવી પડે અને આ મીટિંગો દ્વારા એના પ્રશ્નોનું સોલ્યુશન આવે એવી અમારી રજૂઆત અને એને એક્સેપ્ટ માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી આજે કરવામાં આવી.")*

# CHINA PRESIDENT

ભારતમાં યોજાઇ રહેલા બ્રિક્સ સંમેનલમાં ભાગ લેવા માટે ચીનના રાષ્ટ્રપતિ શિ જિનપિંગ આજે દિલ્હી પહોંચ્યા હતા જ્યાં તેમનું સ્વાગત કરવામાં આવ્યુ હતું. બ્રિક્સ સંમેલન દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જિનપિંગ વચ્ચે દ્વિપક્ષિય વાટાઘાટો પણ યોજાશે.

# REV DAY BRICS SUMMIT-LEADERS ARRIVAL

અગાઉ નવી દિલ્હી ખાતે આજે યોજાનારી બ્રિક્સ સમીટમાં ભાગ લેવા માટે બ્રિક્સ દેશોના વડાઓ ભારત આવી રહ્યાં છે. આજે સવારે બેલારુસના વિદેશ મંત્રી મેક્સિમ રાયઝેનકોવ નવી દિલ્હી પહોંચ્યા. ભારત અને બેલારુસ વચ્ચે ઉષ્માભર્યા અને મૈત્રીપૂર્ણ સંબંધો છે, જે દ્વિપક્ષીય અને બહુપક્ષીય ક્ષેત્રોમાં વિવિધ ક્ષેત્રોમાં વધતા સહયોગને દર્શાવે છે. વિયેતનામના પ્રધાનમંત્રી લે મિન્હ હુંગ પણ સમિટ માટે નવી દિલ્હી પહોંચ્યા છે. નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલ દ્વારા તેમનું એરપોર્ટ પર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભારત અને વિયેતનામ એક વિસ્તૃત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના ડિરેક્ટર-જનરલ, ડૉ. ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયેસસ સમિટમાં હાજરી આપવા માટે નવી દિલ્હી પહોંચ્યા. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તેમની મુલાકાત સહિયારી પ્રગતિ અને સમૃદ્ધિ માટે આરોગ્ય સંબંધિત બાબતોમાં વૈશ્વિક સહયોગને વધુ મજબૂત બનાવશે

# REV. PM BILATERALS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારથી નવી દિલ્હીમાં  બ્રિક્સ સંમેલનના આરંભ અગાઉ બ્રિક્સ રાષ્ટ્રોના વડાઓ સાથે દ્વિપક્ષિય બેઠકો યોજી રહ્યાં છે..જે અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના ઇથોપિયન સમકક્ષ ડૉ. અબીય અહેમદ અલી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને નેતાઓએ દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના હેતુથી ચર્ચા કરી હતી.

બંને નેતાઓએ આર્થિક સહયોગ, સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારી અને ક્ષમતા નિર્માણ સહિતના મુખ્ય ક્ષેત્રોમાં પ્રગતિની સમીક્ષા કરી હતી. ભારતની અધ્યક્ષતામાં યોજાઈ રહેલા બ્રિક્સ સમિટ દરમિયાન પ્રધાનમંત્રીએ તેમના મલેશિયન સમકક્ષ અનવર ઇબ્રાહિમ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પણ કરી હતી.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિવસના અંતે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# ASSOCHAM-BRICS

એસોચેમે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વૈશ્વિક સહયોગ અને ગ્લોબલ સાઉથ માટે એક શક્તિશાળી પ્લેટફોર્મ તરીકે બ્રિક્સને મજબૂત બનાવવાના વિઝનની પ્રશંસા કરી છે.

એસોચેમના પ્રમુખ નિર્મલકુમાર મિંડાએ જણાવ્યું હતું કે બ્રિક્સ સહયોગને નક્કર વ્યવસાયિક પરિણામોમાં રૂપાંતરિત કરવાનું પ્રધાનમંત્રીનું વિઝન અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે બ્રિક્સ  દેશો વચ્ચે વેપાર, રોકાણ, ટેકનોલોજી, સ્ટાર્ટઅપ્સ અને વ્યવસાયિક ભાગીદારીને મજબૂત બનાવવાથી અપાર તકો ખુલી શકે છે. શ્રી મિંડાએ જણાવ્યું હતું કે નવીનતા, ડિજિટલ સોલ્યુશન્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, વ્યૂહાત્મક તકનીકો અને બ્રિક્સ સ્ટાર્ટઅપ ઇનોવેશન ફંડ જેવી પહેલ પર ભાર મૂકવાથી સહયોગ વધુ મજબૂત બનશે અને ભારતીય સાહસોને વૈશ્વિક સ્તરે વિસ્તરણ કરવામાં મદદ મળશે.

# JOSHI- BHARAT INNOVATES

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રલહાદ જોશીએ કહ્યું છે કે બ્રિક્સ સમિટ 2026 માં ભારત ઇનોવેટ્સ એક્સપોઝિશન ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સંસ્થાઓમાંથી ઉભરતી નવીનતાને વિશ્વભરમાં લઈ જવા માટે રચાયેલ છે.

સોશિયલ મીડિયામાં એક વિડિઓ સંદેશ શેર કરતા શ્રી જોશીએ કહ્યું કે પ્રદર્શનમાં તમામ મહાનુભાવોનું સ્વાગત કરવું દેશ માટે ગર્વની વાત છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારતની નવીનતા પ્રણાલી ઝડપથી વિકસી છે. શ્રી જોશીએ ઉમેર્યું કે ભારત ઇનોવેટ્સની સફર વૈશ્વિક અસર ઉભી કરી છે.

# INDIA CHINA FLIGHTS

ચીનની સાઉથર્ને એરલાઇન આ મહિનાની 21મી તારીખથી ગુઆંગઝુ અને નવી દિલ્હી વચ્ચે નિયમિત મુસાફર ઉડાન ફરી શરૂ કરશે.

આનાથી છ વર્ષથી સ્થગિત હવાઈ સેવા પુનઃસ્થાપિત થશે. કોવિડ-19 રોગચાળો ફાટી નીકળ્યા બાદ 2020 માં ભારત અને ચીન વચ્ચે હવાઈ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી.

આ સેવા ફરી શરૂ થવાનો નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ બ્રિક્સ સમિટમાં ભાગ લેવા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરવા માટે ભારતની મુલાકાતે છે. આ વર્ષે માર્ચમાં, ભારતીય એરલાઇન ઇન્ડિગોએ શાંઘાઈ અને કોલકાતા વચ્ચે દૈનિક હવાઈ સેવા પણ શરૂ કરી હતી, જેનાથી બંને દેશો વચ્ચે હવાઈ જોડાણ વધુ મજબૂત બન્યું હતું.

# SAUDI OIL PIPELINE-HOUTHI SEIZE

સાઉદી અરેબિયાએ ડ્રોન હુમલા બાદ દેશભરમાં ફેલાયેલી તેલ પાઇપલાઇન બંધ કરી દીધી છે. સાઉદી અરેબિયાના ઉર્જા મંત્રાલયના નિવેદનમાં આ પગલાંને સાવચેતી માટેનું ગણાવાયુ છે. અમેરિકા અને ઇઝરાયલ સાથેના ઈરાનના યુદ્ધ દરમિયાન હોર્મુંઝ સામુદ્રધુનીમાં તણાવ બાદ પૂર્વ-પશ્ચિમ પાઇપલાઇને સાઉદી અરેબિયાની તેલ નિકાસ ચાલુ રાખવાની ક્ષમતામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. સાઉદી અરેબિયાના વિદેશ મંત્રાલયે આ હુમલા માટે ઈરાકથી આવેલા અનેક ડ્રોનનો ઉપયોગ કરાયો હોવાનો આરોપ લગાવ્યો હતો.

સાઉદી અરેબિયા દ્વારા બંધ કરાયેલી 1 હજાર 200 કિલોમીટરની પાઇપલાઇન, હોર્મુંઝ સ્ટ્રેટને બાયપાસ કરીને, ઈંધણને વૈશ્વિક બજારો સુધી પહોંચવા માટેનો મુખ્ય વૈકલ્પિક માર્ગ છે. જેના દ્વારા તાજેતરમાં દૈનિક 4 મિલિયનથી 5 મિલિયન બેરલનું વહન કરાયું છે, જે વૈશ્વિક પુરવઠાના 4 થી 5 ટકા જેટલું છે.

બીજી તરફ યમનમાં ઈરાની સમર્થિત હુતી બળવાખોરોએ રાતા સમુદ્રના દક્ષિણ પ્રવેશદ્વાર પર મોખા બંદર અને બાબ અલ-મંડેબ સ્ટ્રેટમાં પેરીમ નામના વ્યૂહાત્મક ટાપુ પર કબજો કર્યો છે, જેનાથી ચાલી રહેલા પશ્ચિમ એશિયા સંઘર્ષમાં વધારો થયો છે.

# SHAH - GURU GRANTH SAHIB

ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ શ્રી ગુરુ ગ્રંથ સાહિબજીની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રને શુભેચ્છાઓ પાઠવી. શ્રી શાહે કહ્યું કે ગુરુ ગ્રંથ સાહિબજીના ઉપદેશો સેવા, બલિદાન, સમાનતા, કરુણા અને માનવતાની ભાવનાને પ્રોત્સાહન આપે છે અને સમાજને માનવતાના કલ્યાણ માટે કાર્ય કરવા પ્રેરણા આપે છે.

શ્રી બિરલાએ કહ્યું કે ગુરુ ગ્રંથ સાહિબજીના ઉપદેશો માનવતા, પ્રેમ, સમાનતા, સેવા અને કરુણાનો સંદેશ આપે છે. તેમણે આશા વ્યક્ત કરી કે ગુરુ ગ્રંથ સાહિબજીના ઉપદેશો સમાજમાં શાંતિ, ભાઈચારો અને એકતાને પ્રોત્સાહન આપશે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંહે કહ્યું કે શ્રી ગુરુ ગ્રંથ સાહિબના ઉપદેશો માનવતાને સત્ય, સેવા, સમાનતા, કરુણા અને સંવાદિતા તરફ માર્ગદર્શન આપે છે.

# VP - SOLOMON PAPPAIAH

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને તમિલ વિદ્વાન પ્રોફેસર સોલોમન પપ્પૈયાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે પ્રોફેસર પપ્પૈયાની વાક્પટુતા અને વિદ્વતાએ દેશના સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ બનાવ્યો. તેમણે પટ્ટીમંડ્રમની પરંપરાને નવી ઊંચાઈઓ પર પહોંચાડી.

# REV. DAY HOCKEY

ભારત મહિલા જુનિયર એશિયા કપ હોકીની ફાઇનલમાં પહોંચ્યુ છે. ચીનના મોકીમાં રમાયેલી પહેલી સેમિફાઇનલમાં ભારતે દક્ષિણ કોરિયાને 5-1થી હરાવ્યું. ભારત માટે સુપ્રિયાએ હેટ્રિક ફટકારી, જ્યારે મધુ અને સુખવીર કૌરે એક-એક ગોલ કર્યો.

યજમાન ચીન બીજા સેમિફાઇનલમાં જાપાનનો સામનો કરશે. અગાઉ, પુરુષ જુનિયર એશિયા કપ હોકીમાં, ભારતે ગઈકાલે પ્રથમ સેમિફાઇનલમાં મલેશિયાને 3 -1થી હરાવીને ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. કેપ્ટન અનમોલ એક્કાએ બે ગોલ કર્યા હતા, જ્યારે સુખવિંદરે એક ગોલ કર્યો હતો. આવતીકાલે ફાઇનલમાં ભારત દક્ષિણ કોરિયાનો સામનો કરશે. દક્ષિણ કોરિયાએ ગઈકાલે સાંજે પાકિસ્તાનને 4-1થી હરાવીને ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું.